Indian Journal of Social Sciences and Literature Studies ISSN 2349-5634 (Print) ISSN 2455-0973(Online) Vol. 2 Issue 2
A peer reviewed refereed international Journal Impact Factor 3.12
© Contemporary Research Publication

# કચ્છનાં પરિપ્રેક્ષ્યમાં કણબી સમાજનું એક ઐતિહાસિક વિહંગાવલોકન

પ્રો.પટેલ સતીષકુમાર જયંતીભાઈ
વ્યાખ્યાતા સહાયક ,ઈતિહાસ.
શ્રી.આર.આર લાલન કોલેજ –ભુજ.

કણબી જાતિનો એક સુદીર્ઘ ઈતિહાસ રહેલો છે.કચ્છ પ્રદેશ ના કણબી સમાજનો પણ એક વારસો જોવા મળે છે. સને ૧૪૪૯ માં એક ઈમામશાહ નામનો સૈયદ ,ઈરાન થી હિંદમાં મુસાફરી કરતો ગુજરાતમાં આવી અમદાવાદ નજીકના ગીરમથા ગામની સીમમાં રહ્યો હતો. ત્રણ વર્ષના વિકટ દુષ્કાળની સ્થિતિ હોવાથી તેમના કહેવા મુજબ વરસાદ થાય છે.લોકો તેમને શ્રધ્ધા થી પૂજવા લાગે છે .તેવામાં અમદાવાદનો સુલતાન મહમદ બીજો નજીકમાં શિકારે આવેલો તે જયારે ત્યાં આવ્યો ત્યારે તેને પણ અજાયબ થવા જેવો પરચો બતાવ્યો . તેથી સુલતાને પોતાની શહજાદી તેને પરણાવી .આમ થવાથી ઈમામશાહની એક મહાત્મા તરીકે સારી ખ્યાતી થઈ.એવામાં કાશી તરફથી યાત્રા કરીને પાછા વળતા ,સુરત,નવસારીના કેટલાક લેઉવા ક્નબીઓને ત્યાં ( ગીર મથા ) મુકામ થયું, તેમને પણ પીર ઈમામશાહે ચમત્કાર બતાવ્યો,એટલે તેઓ સઘળા તેના શિષ્ય થયા .દિન-પ્રતિદિન તેની માનતા ચાલવા લાગી અને નજીકના તેમજ દુરના ઘણા લોકો તેના શિષ્ય થવા લાગ્યા .એજ પ્રમાણે કચ્છમાં વાસ કરી રહેલા કણબીઓના પૂર્વજો પણ પરચો જોઈ તેના શિષ્ય થયા .તેમને અત્રેની જ્ઞાતિ તરફથી મુસીબત પડવા લાગી .એટલે તેઓએ સઘળા ત્યાં જઈ વસવાટ ની શરૂઆત કરી ,તેની સવિશેષ હકીકત આ મુજબ છે .

**માનકુવા ગામના વેલાણી કણબી-** તેમના પૂર્વજ પરબત પટેલ ચાંપનેરમાં પટલાઇ કરતા ,ત્યાં પઢીયાર સાથે વિગ્રહ થવાથી તે કણબીઓ ચુંવાળ (વિરમગામ પાસે ) માંહેના છનીઆર મુકામે રહ્યા .ત્યારબાદ તેઓ ગીરીમથા યાત્રાએ ગયા અને કબીર દીનનો ધર્મ સ્વીકાર્યો. પીર ઈમામશાહના આદેશથી સં.૧૫૮૦માં વેલા પટેલ તથા નાકર પટેલે વાગડમાં આવી શીકરું મુકામ વસાવ્યું અને ત્યાં વેલાસર તળાવ બંધાવ્યું .આ બંને પટેલો પોતાના સંતાનોને પરણાવીને એકબીજાના વેવાઈ થયા.વેલા પટેલના વંશમાં હરભમજી ,તેનો મેગજી ,તેનો સવજી ,તેનો જશાજી અને તેના પાંચ પુત્રો નામે દાતાર ,જુજાર અને ભગત વગેરે સં .૧૬૮૦ સમયગાળા માં થયા .તેમનામાંથી ગોપાલના વંશનો વાલો પટેલ સં ૧૭૦૨ માં માનકુવા આવ્યો .તેને ત્યાના ગરાસીયાઓ જોડે યુદ્ધ થયું .તેમાં પશ્ચિમ દિશાએ જેસિંહ ,વાળો અને ભાણેજ ડોસો મરાયા.ત્યાં હાલ પણ તેમના પાળિયા છે .તેમનો પરિવાર આ ગામમાં આબાદ પટલાઇ કરે છે .

**માનકુવા ગામના ગોગારી કણબી :** તેમના મૂળ વંશજો અડાલજ ગામના હતા .ત્યાંથી તેઓ સ્થળાંતર કરી મહુવા ગયા ત્યાર બાદ તે સાથે ભાઈઓ જુદા પડી નડીયાદ ,ઉમરેઠ ,બોરસદ,ડાકોર ,ખોલેસર ,વસો ,ઇટોલા